## સહજાનંદ ટેક્નોલોજીસ પ્રા. લિ.

# સુરતના સી.ઈ.ઓ શ્રી રાહુલ ગાયવાલાને બેંગકોક ખાતે 'મેન ઓફ એક્સલન્સ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો

ડાયમંડ સિટી. સુરત

ડાયમંડ ટેક્નૉલોજી ક્ષેત્રે અવનવા સંશોધનો કરનારી સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ. ના સીઈઓ શ્રી રાહુલ ગાયવાલાને 'મેન ઑફ એક્સલન્સ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

સમગ્ર વિશ્વમાં ડાયમંડ ક્ષેત્રે સુરત આગવું અને વિશેષ સ્થાન ધરાવે છે. સુરત શહેર ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં અવિરત અને નોંધનીય ફાળા બદલ આજે સમગ્ર જગતમાં 'ડાયમંડ સિટી' તરીકે ઓળખાય છે. ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં રત્નકલાકારથી માંડીને ઈન્ડસ્ટ્રીઝના આગેવાનોની પરસ્પર અથાગ્ મહેનત, સહયોગ, નિષ્ઠા અને સર્જનાત્મકતાને કારણે ઘણાં ઓછા સમયમાં સુરતે વિશ્વમાં વ્યાપકપણે પોતાનું મહત્વ સાબિત કરી દીધું છે.

ડાયમંડ ઉત્પાદનના ઉદ્યોગમાં ઉપયોગી એવી તમામ શ્રેણીની ટૅક્નૉલૉજીસને છેલ્લા 20 વર્ષોથી પોતાની આગવી સૂઝ સંશોધનો અને સતત રિસર્ચ દ્વારા વિકસાવનારી એવી સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ. કંપનીની સુરતની ડાયમંડ ઉદ્યોગમાં એક વિશેષ છાપ છે. સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ.એ ડાયમંડ ઉદ્યોગને ઉચ્ચ કક્ષાના નવીનત્તમ ટૅક્નોલોજીવાળા સૌથી ઝડપથી ડાયમંડ પ્લાનર, ડાયમંડ કટીંગ લેસર મશીન અને ડાયમંડ સિક્યુરીટી માટેના મશીનોથી અવગત કરાવેલ છે. ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ. એ ટ્રેન્ડ સેન્ટર તરીકે ઓળખ મેળવનારી એક આગવી ભારતીય કંપની છે. છેલ્લા બે દાયકાઓથી સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ. ડાયમંડ ઈન્ડસ્ટ્રીને સતત સચોટ અને અસરદાર ટૅક્નૉલૉજી વાળા મશીન પુરા પાડી રહી છે. સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ. હંમેશાથી જ ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝને ઉચ્ચત્તમ અને નવીનત્તમ પ્રૉડક્ટ આપી સારામાં સારા ટેલેન્ટેડ કર્મચારીઓથી અને તેજસ્વી રિસર્ચરોથી અવગત કરાવેલ છે. કોર્પોરેટ સેક્ટરની સફળ વ્યક્તિઓ દ્વારા સામાજિક અને આર્થિક માળખાકીય વિકાસમાં અપાતા યોગદાનને ધ્યાનમાં રાખીને 'ઈન્ડિયન અચીવર્સ ફોરમ' દ્વારા દર વર્ષે સૌથી વધુ યોગદાન અપાતા કોર્પોરેટ વ્યક્તિને 'મેન ઓફ એક્સલન્સ' ના ઍવોર્ડથી નવાજવામાં આવે છે. આ વર્ષે 'ઈન્ડિયન અચિવર્સ ફોરમ' દ્વારા આ ઍવોર્ડ સમારોહ બેંગકોક ખાતે ઓગષ્ટ, 2014ના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં સતત નવી - નવી ટેક્નોલોજીસની શોધ અને સર્જન કરીને ડાયમંડ ઈન્ડસ્ટ્રીને ખૂબ જ સહયોગી બનનારી એવી સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ. ના સીઈઓ શ્રી રાહુલ ગાયવાલાનો 'ઈન્ડિયન અચિવર્સ ફોરમ' દ્વારા 'મેન ઓફ એક્સલન્સ' ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ.ના સીઈઓ શ્રી રાહુલ ગાયવાલાનો ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં સતત ટૅક્નૉલૉજીકલ ડેવલપમેન્ટના અલગ અભિગમ અને સતત પ્રયાસને લીધે તેઓને 'મેન ઓફ એક્સલન્સ' ઍવોર્ડથી નવાજવામાં આવ્યા છે. શ્રી રાહુલ ગાયવાલાના કહેવા મુજબ ''રચનાત્મક અને આગવુ બનવું એ જ સંશોધનની સાચી પરિભાષા છે. એમના કહેવા મુજબ સતત સંશોધન અને વિકાસ દ્વારા જ આધુનિક ટૅક્નૉલૉજીનું સંવર્ધન અને ગ્રાહકનો સંતોષ ઉપરાંત તેમની અપેક્ષા પર ખરા ઉતરવા માટે સહજાનંદ ટૅક્નૉલૉજીસ પ્રા. લિ. સદાય કટિબદ્ધ છે.''



'મેન ઓફ એક્સલન્સ' એવોર્ડ



**શ્રી રાહુલ ગાયવાલા**
**સીઈઓ, સહજાનંદ ટેક્નોલોજીસ પ્રા. લિ.**

''રચનાત્મક અને આગવુ બનવું એ જ સંશોધનની સાચી પરિભાષા છે. એમના કહેવા મુજબ સતત સંશોધન અને વિકાસ દ્વારા જ આધુનિક ટેક્નોલોજીનું સંવર્ધન અને ગ્રાહકનો સંતોષ ઉપરાંત તેમની અપેક્ષા પર ખરા ઉતરવા માટે સહજાનંદ ટેક્નોલોજીસ પ્રા. લિ. સદાય કટિબદ્ધ છે.''